# ઊંઝાના ઐઠોર ગામે સગીરા પર સામુહિક બળાત્કારનો પ્રયાસ

ઊંઝા, તા. ૧૭

ઊંઝા નજીકના ઐઠોર ગામે લગ્નપ્રસંગમાં પરિવારજનો સાથે આવેલ બહારગામની એક મંદબુદ્ધિની અને મુંગી ૧૬ વર્ષની સગીરા પર ગામની સીમના એક ખેતરમાં ચાર શખ્સો પૈકી એક નરાધમે બળાત્કાર ગુજાર્યો હોવાની નોંધાયેલ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. પોલીસે આ ગંભીર ગુનામાં સંડોવાયેલ મુખ્ય તહોમતદાર સહિત ચાર જણાઓને પકડી પાડી વધુ તપાસ આરંભી છે. આ સનસનાટીભરી ઘટના અંગે દુષ્કર્મનો ભોગ બનેલ પીડીતાના વાલીએ ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવેલ છે.

વિગત એવી છે કે, મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના એક ગામના કેટલીક પરિવારજનો સગાના લગ્ન પ્રસંગે મામેરામાં ઊંઝા નજીકના ઐઠોર ગામે આવ્યા હતા. આ મામેરામાં પરિવારજનો સાથે એક મંદબુદ્ધિની અને મુંગી સગીરવયની દિકરી પણ આવી હતી. દરમિયાન ગઈકાલે લગ્નના દિવસે બપોરના સમયે લગ્ન સ્થળેથી આ સગીરા અચાનક હાઈવે તરફ નીકળી ગઈ હતી. અને અહીંથી પગપાળા જઈ રહી હતી ત્યારે નજીકમાં બેઠેલા ચાર યુવાનોએ સગીરાની એકલતાનો ગેરલાભ ઉઠાવીને તેણીને નજીકના એક ખેતરમાં લઈ ગયા હતા. જ્યાં ખીજડાના ઝાડ નીચે ચાર પૈકી એક નરાધમે તેણી પર બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ મુકાયેલ છે. દરમિયાન લગ્ન બાદ સાંજના સમયે આ મંદબુદ્ધિની મુંગી સગીરા ન જણાતાં તેણીના પરિવારજનો અને સગાઓએ ગામમાં શોધખોળ આરંભી હતી. જે દરમિયાન ગામની સીમમાં આવેલ એક ખેતરના ઝાડ નીચેથી સગીરા મળી આવી હતી. જેથી કંઈક અજુગતું થયું હોવાનું માલુમ પડતાં તેણીના વાલીએ ઊંઝા પોલીસમથકે જઈને ફરિયાદ નોંધાવી હતી. આથી ઊંઝા પોલીસે મફાજી ફૂલાજી ઠાકોર સહિત ચાર તહોમતદારો વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૬ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી પિડીત સગીરાને તપાસ માટે મહેસાણા અને ત્યાંથી અમદાવાદ હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે.

દરમિયાન બળાત્કારના ગુના સંદર્ભે પોલીસે ચારેય શખ્સોને ઝડપી લઈ જેલમાં ધકેલી દીધા હતા. પકડાયેલા ચાર આરોપીઓ પૈકી ઠાકોર મફાજી ફુલાજી અને અરવિંદ ઉર્ફે ટીનાજી અજમલજી પુખ્યવયના છે. જ્યારે બે આરોપીઓ સગીરવયના હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ચારેય તહોમતદારો ઐઠોર તા. ઊંઝાના છે.



**માલગઢમાં ગૌચરમાં બોર બનાવનાર સામે કાર્યવાહી : રીંગ કબ્જે લઈ ગુનો દાખલ કરાયો**

ડીસા તાલુકાના માલગઢ ગામે ગૌચર જમીનમાં ગેરકાયદેસર રીતે બોર બનાવી રહેલ એક ખેડુતને ત્યાં મામલતદાર અને પોલીસની ટીમે ઓચિંતો દરોડો પાડી ખેડુત અને રીંગના માલીક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રીંગને કબ્જે લીધી છે. ડીસા તાલુકાના માલગઢ ગામે રહેતા છગનજી પુનમાજી માળીએ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ગૌચર જમીનમાં બોર બનાવા માટે કાર્યવાહી કરવા સારૂં માટે બોરની રીંગ બોલાવી હતી આ ઘટનાની જાણ થતાં સરપંચ શ્રવણજી ગીગાજી માળીએ મામલતદારને જાણ કરી હતી આથી મામલતદાર પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવી રીંગ સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને રીંગને જપ્ત કરી પોલીસ મથક ખાતે લાવી ખેડુત છગનજી માળી તેમજ રીંગના ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બાબતે સરપંચ શ્રવણજી ગીગાજી માળીની ફરીયાદના આધારે ડીસા રૂરલ પોલીસે બન્ને ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી છે. (તસવીર કાન્તીલાલ લોધા, ડીસા)

# બનાસકાંઠામાં આઈ.પી.એલ. સ્પોટ ફિક્સીંગ કાંડનો રેલો : બુકીઓ ભૂગર્ભમાં

ડીસા, તા. ૧૭

ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈ.પી.એલ.)માં સ્પોટ ફિકસીંગનો અડ્ડો ભાવનગર હોવાનું અને આ મામલામાં ઝડપાયેલા ક્રિકેટર શ્રીસંતનો પિતરાઈ ભાઈ જીજુ જર્નાદન અને જ્યુપીટર ભાવનગરથી સ્પોટ ફિકસીંગ ચલાવતા હોવાનું દિલ્હી પોલીસના ખુલાસામાં બહાર આવેલ છે ત્યારે સરહદી એવા બનાસકાંઠા જિલ્લામાં પણ રહેતા બે અન્ય બુકીઓની પણ સ્પોટ ફિકસીંગ કાંડના આ મામલામાં સંડોવણી હોવાની મળેલ વિગતોથી ભારે સનસનાટી મચેલ છે અને જિલ્લાભરમાં આઈ.પી.એલ. સટ્ટામાં લાખોની કમાણી કરતા અનેક બુકીઓ પોતાની સંભવિત સંડોવણીના ભયથી ભૂગર્ભમાં ચાલ્યા ગયા છે.

સ્પોટ ફિકસીંગ કરીને લાખો ક્રિકેટ ચાહકોના દિલને આંચકો આપનાર શ્રીસંત અને ચંડીલાને બુકીઓ દ્વારા યુવતીઓ પણ સપ્લાય કરવામાં આવતી હતી તેવા ઈન્ડિયન એક્ષપ્રેસના ધડાકા બાદ સમગ્ર દેશમાં આ અહેવાલો નવીન આંચકારૂપ બન્યા હતા. ઈન્ડિયન પ્રીમીયર લીગમાં ફિકસીંગના મોટા નેટવર્કનો પર્દાફાશ થયા બાદ દેશના અન્ય રાજ્યોની સક્રિય થયેલી પોલીસમાં ગુજરાત પોલીસે પણ તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે. આ મામલે અત્યાર સુધી પોલીસે રાજસ્થાન રોયલના ઝડપી બોલર શ્રીસંત, અન્ય ખેલાડી ચંડીલા અને અંકિત ચૌહાણ તેમજ ૧૧ સટોડીયાઓની ધરપકડ કરેલ છે.

આ સ્પોટ ફિકસીંગનો અડ્ડો ગુજરાતનું ભાવનગર હોવાનું મનાય છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ કેટલાક સટોડીયાઓની સંડોવણીની શક્યતા સેવાઈ રહી છે. બનાસકાંઠા જિલ્લામાં ભાભર પાલનપુર ઉપરાંત ડીસા ક્રિકેટ સટ્ટા બજારના મુખ્ય કેન્દ્રો છે અને અહીં નાના-મોટા અનેકો બુકીઓ ક્રિકેટ સટ્ટાના આ ધંધામાં હાલ સક્રિય છે. આ ફિકસીંગ કાંડના મોટા બુકીઓ સાથે બનાસકાંઠાના બે જાણીતા બુકીઓનો સંપર્ક હોવાનું તપાસ એજન્સી માની રહી છે. જેથી તપાસ એજન્સીની તપાસ ગુજરાતના પ્રમુખ શહેરો બાદ બનાસકાંઠા સુધી લંબાવવાની સંભાવનાઓ બળવત્તર બનેલ છે. જો કે આ ફિકસીંગ કાંડમાં બનાસકાંઠાના બુકીઓની કઠિત સંડોવણીની વાત બહાર આવતા જિલ્લામાં ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે અને આ કાંડમાં પોતાની પૂછપરછ, કે સંડોવણી કે કોલ્સ ડિટેલ અથવા સટ્ટાના હાર-જીતના હિસાબોમાં ક્યાંક નામ ખૂલી શકે છે તે ભયથી તમામ બુકીઓ પોતાનું ક્રિકેટ સટ્ટા લગતું સાહિત્ય આટોપી લઈ ભૂગર્ભમાં ચાલ્યા જતાં આ સમગ્ર મામલો ભારે સંગીન બનેલ છે.

# સુખી દામ્પત્યજીવન માર્ગદર્શન શિબિર

ખેડબ્રહ્મા, તા. ૧૭

સમસ્ત ગુજરાત પ્રજાપતિ તથા ખેડબ્રહ્મા ગુર્જર પ્રજાપતિ વિકાસ મંડળ ખેડબ્રહ્મા વડાલી, ઈડર, ભિલોડા તાલુકાના વરિયા પ્રજાપતિ મંડળના સંયુકત ઉપક્રમે સુખી દામ્પત્ય જીવન માર્ગદર્શન શિબિર શ્રી ક્ષીર જામ્બામાતાજી મંદિરમાં તા. ૨૬મેના રોજ યોજાશે.

જેમાં ૪૫ વર્ષના દંપતી જોડાઈ શકશે. અને લગ્નજીવનને સુમધુર બનાવી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. બેરોજગાર વિદ્યાર્થીઓને ભવિષ્યના કેરિયરની માહિતી માર્ગદર્શન અપાશે. શિબિરમાં ઈચ્છુકોએ ભાગ લેવા માટે જાણ કરવામાં આવે છે.

## ઉતર ગુજરાત યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એસસી પ્રવેશ મેળવવા બાબત

પાટણ, તા. ૧૭

૨૦૧૩-૧૪ માટે સંલગ્ન કોલેજમાં એફ.વાય.બી.એસસીમાં પ્રવેશ સંદર્ભે સમય નક્કી કરેલ છે. ધોરણ-૧૨નું પરિણામ જાહેર થયેથી ૧૦ દિવસમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખથી પાંચ દિવસમાં મેરીટ યાદી પ્રસિદ્ધ થશે. મેરીય યાદીમાં પસંદગી થયેલ વિદ્યાર્થીઓએ સાત દિવસમાં ફી ફરવાની રહેશે. જરૂર પડે તો બીજી પ્રવેશ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

# ડીસામાં પાલિકાએ દબાણ ઝૂંબેશમાં જાહેર રાજમાર્ગો પરના દબાણો દૂર કર્યા

ડીસા, તા. ૧૭

ડીસા નગરપાલિકામાં નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યા બાદ સફાઈ અને જાહેર રસ્તા પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. જેમાં નગરપાલિકાની દબાણ સેલ શાખાએ આજરોજ શહેરના જાહેરમાર્ગોને અવરોધતા દબાણો દૂર કર્યા હતા અને અવરોધક - દબાણોનો સામાન જપ્ત કરતાં વહેપારીઓમાં દોડધામ મચી હતી.

આ દબાણ ઝૂંબેશ બાબતે માહિતી આપતા પાલિકાના દબાણ અધિકારી મનોજ પટેલે જણાવેલ કે ડીસાના મુખ્ય જાહેર માર્ગો પરના નડતરરૂપ દબાણો દૂર કરવા ઝૂંબેશ હાથ ધરાયેલ છે. આ ઝૂંબેશ અંતર્ગત શહેરના લેખરાજ ચાર રસ્તાથી બગીચા સુધી તેમજ જલારામ મંદિરથી એસ.સી.ડબલ્યુ સ્કૂલ, જુના બસ સ્ટેન્ડથી ગાયત્રી મંદિર રોડ સહિતના તમામ અન્ય રાજમાર્ગો પરથી દબાણો દૂર કરવામાં આવશે. આ દબાણ ઝૂંબેશ અંતર્ગત આજે પાલિકાની દબાણ શાખાએ કેટલાક વહેપારીઓ દ્વારા રસ્તાને અવરોધ ઉભો થાય તે રીતે રસ્તા પર મુકેલા બોર્ડો, સામાન, લારીઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને જપ્ત કરેલા મુદ્દામાલના માલિકો પાસેથી દંડ વસૂલ કરવા માટે તજવીજ હાથ ધરી હતી. આ દબાણ ઝૂંબેશ સતત દસ દિવસ ચાલુ રહેશે તેવું પાલિકા સૂત્રોએ જાહેર કરી સ્વેચ્છાએ જાહેર રોડ પરના દબાણો દૂર કરવાની સૂચના આપતા દબાણદારોમાં ફફડાટ વ્યાપેલ છે.



# રાણપુર પાસે રોયલ્ટી ચોરી કરતી ટ્રક ઝડપાઈ

ડીસા તાલુકાના રાણપુર રોડ પર ભુસ્તર શાખાની ટીમે ઓચિંતો દરોડો પાડી રોપલ્ટી ચોરી કરી રહેલ એક ટ્રકને ઝડપી લઈ ટ્રક ચાલક સામે કાયદેરસની કાર્યવાહી હાથ ધરતાં રોપલ્ટી ચોરમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. ડીસા તાલુકાના રાણપુર ગામ પાસે પસાર થતી બનાસ નદીના પટમાં મોટા પ્રમાણમાં રોપલ્ટી ચોરી થતી હોવાની હકીકત ધ્યાને આવતા જીલ્લા ભુસ્તર શાસ્ત્રી યુ.કે.સિંહ, રોપલ્ટી ઈન્સપેકટર આશીષ સોની સહિતની ટીમે રાણપુર નજીક ચેકીંગ હાથ ધરતા રોપલ્ટી ચોરી કરી રહેલ ટ્રક (નં. જીજે ૮ ડબલ્યુ ૬૭૭)ને ઝડપી લઈ ટ્રક ચાલક ગોપીભાઈ વણઝારા (રહે. વણઝારા વાસ, રેલ્વે સ્ટેશન રોડ ડીસા) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને ટ્રકને કબ્જે લઈ પોલીસ મથક ખાતે લાવી હતી. (તસવીર કાન્તીલાલ લોધા, ડીસા)

# વિજયનગર અને મોડાસામાંથી પોલીસે અઢી લાખથી વધુનો વિદેશી દારૂ પકડી પાડ્યો

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને મોડાસા તાલુકામાં ગત રોજ પોલીસે બે અલગ - અલગ સ્થળોએથી પેટ્રોલીંગ દરમિયાન વાહન ચેકીંગ કરતાં પોલીસે બે જુદી જુદી કારમાંથી અઢી લાખથી વધુનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. આ બન્ને મામલે વિજયનગર અને મોડાસા પોલીસે બે વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત અનુસાર વિજયનગર તાલુકાના રાણી ત્રણ રસ્તા પરથી ગુરુવારે સવારે ૫ કલાકે વિજયનગર પોલીસે રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતી ઈન્ડિકા કારને પેટ્રોલીંગ દરમિયાન રોકી તેમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂ અને બિયરની ૧૨૦ બોટલ કિંમત રૂ. ૨૫,૨૦૦ અને કાર કિ. ૧.૫૦ લાખ મળી પોલીસે કુલ ૧.૭૫ લાખના મુદ્દામાલ સાથે વિસનગર તાલુકાના સવાલા ગામના ઈનાયતખાન મીગ્રીખાન ખોખરને પકડી પાડી તેના વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે અન્ય એક બનાવમાં મોડાસાથી શામળાજી માર્ગ પર આવેલ સામળીયા પેટ્રોલ પંપ આગળથી ગુરુવારે સવારે ૮ કલાકે મોડાસા પોલીસે એક મારુતિકારને રોકી તેમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરની મળી કુલ ૧૭૧ બોટલ કિ. રૂ. ૩૨,૪૦૦ તેમજ મારુતિકાર કિ. રૂ. ૪૦,૦૦૦ મળી કુલ રૂ. ૭૨,૦૦૦નો મુદ્દામલ કબજે કર્યો હતો અને મોડાસાના સર્વોદયનગર ટેકરી પર રહેતા ભૂપેન્દ્રભાઈ કસ્તુરભાઈ મારવાડીને ઝડપી પાડી તેના વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મહિયલની જે. બી. ઉપાધ્યાય હાઈસ્કૂલનું ગૌરવ

વર્ષ ૨૦૧૩માં લેવાયેલ એચ.એસ.સી. બોર્ડ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં મહિયલની જે. બી. ઉપાધ્યાય હાઈસ્કૂલનું ૯૯.૭૧ ટકા પરિણામ આવ્યું છે. શાળા પરિવારે સૌ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

મહિયલની જે. બી. ઉપાધ્યાય હાઈસ્કૂલના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જેમાં પર્સેન્ટાઈલ રેન્ક ૯૦ ટકાથી ઉપર ૦૨, ૮૦ ટકાથી ઉપર ૧૭ અને ૭૦ ટકાથી ઉપર ૨૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. એ ગ્રુપમાં શૈલી શાહ ૯૯ પ્રથમ, પટેલ બ્રિજેશકુમાર ૮૮.૫૦ દ્વિતીય, પંડ્યા ગ્રીષ્માબેન ૮૭.૩૨ તૃત્તીય જ્યારે બી ગ્રુપમાં પટેલ પ્રકૃતિ ૯૬.૩૮ પ્રથમ, નરસિંઘાણી કરિશ્માબેન ૮૬.૧૬ દ્વિતીય, પટેલ દર્શન ૮૪.૬૧ તૃત્તીય ક્રમે આવેલ છે. ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૧ |
| ઘઉં | ૩૦૦ | ૪૧૨ |
| બાજરી | ૨૬૫ | ૩૧૪ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૬૫૨ |
| ગવાર | ૧૬૫૮ | ૧૮૦૭ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| ડાંગર નવા | ૩૦૦ | ૩૩૦ |
| ડાંગર ગુંજ | ૩૨૦ | ૩૮૦ |
| મગફળી | ૮૫૦ | ૯૦૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૮૦ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૩૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૭૦ |

| ખેડબ્રહ્મા/વડાલી | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૨૯૫ | ૩૧૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૬૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૪૫ |
| એરંડા | ૬૬૩ | ૬૭૦ |
| મગ | ૧૦૫૦ | ૧૧૦૦ |

| મોડાસા | | |
|---|---|---|
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| બાજરી | ૨૮૦ | ૩૨૬ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૫ |
| ઘઉં | ૨૮૭ | ૩૮૯ |
| ગવાર | ૧૭૦૦ | ૧૮૦૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૧૦ |
| કપાસ | ૭૦૦ | ૭૫૦ |
| ચણા | ૬૨૫ | ૭૬૮ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૫ |
| ગવાર | ૬૦૦ | ૬૨૭ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૯૫ | ૩૦૬ |
| ઘઉં | ૩૦૨ | ૩૩૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૬૬ | ૬૭૧ |
| ગવાર | ૧૬૨૫ | ૧૬૭૫ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૨૫૦ | ૩૦૨ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૯૩ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૬૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| જુવાર | ૨૪૦ | ૩૦૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| એરંડા | ૬૬૮ | ૬૭૫ |
| બાજરી | ૨૭૦ | ૨૮૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૦ |
| ચણા | ૬૦૦ | ૬૫૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૮૪ |

| ઇડર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૪૦૨ |
| મકાઈ | ૨૨૫ | ૨૪૪ |
| એરંડા | ૬૬૫ | ૬૭૫ |
| બાજરી | ૨૫૨ | ૨૯૨ |
| રાયડો | ૫૫૦ | ૫૭૭ |
| કપાસ | ૮૦૦ | ૮૩૫ |
| તલ | ૧૮૦૫ | ૧૯૫૫ |
| ગવાર | ૧૫૫૨ | ૧૭૨૧ |
| સોયાબીન | ૬૪૦ | ૬૭૫ |
| જુવાર | ૩૭૨ | ૪૧૫ |

| કડી | | |
|---|---|---|
| સવા | ૬૦૦ | ૬૧૬ |
| ઘઉં | ૨૮૬ | ૩૯૯ |
| ડાંગર | ૩૬૦ | ૩૮૫ |
| બાજરી | ૨૮૬ | ૩૦૫ |
| કપાસ | ૯૦૬ | ૧૦૦૫ |
| જવ | ૨૬૪ | - |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૧૨ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| રાયડો | ૫૩૬ | ૫૮૩ |
| જીરૂ | ૧૯૯૦ | ૨૪૮૦ |
| વરીયાળી | ૭૬૫ | ૯૫૧ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૪૩૧ |
| બાજરી | ૩૦૫ | ૩૦૭ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |
| રાયડો | ૫૯૩ | ૬૪૦ |
| રાજગરો | ૭૨૩ | ૯૩૨ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મેથી | ૫૧૧ | - |
| રાજગરો | ૫૦૦ | ૮૮૫ |
| વરીયાળી | ૮૮૬ | ૯૬૫ |
| જવ | ૩૫૫ | - |
| રાયડો | ૫૭૦ | ૬૭૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૫ |
| ગવાર | ૧૮૭૬ | - |
| ઘઉં | ૨૬૦ | ૪૧૫ |
| બાજરી | ૩૦૦ | ૩૩૫ |
| જુવાર | ૫૪૯ | - |
| કપાસ | ૭૫૧ | ૯૩૭ |
| જીરૂ | ૧૩૦૧ | ૨૩૮૩ |
| ઈસબગુલ | ૧૩૦૭ | - |
| સવા | ૬૮૬ | ૭૧૬ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૫ | ૪૬૩ |
| બાજરી | ૨૩૦ | ૩૩૫ |
| રાયડો | ૫૭૦ | ૬૩૫ |
| એરંડા | ૬૫૦ | ૬૮૯ |
| કપાસ | ૫૫૧ | ૯૮૦ |
| જુવાર | ૩૩૦ | ૪૬૦ |
| તલ | ૧૯૬૦ | - |
| જવ | ૨૫૦ | - |
| મગ | ૧૦૦૦ | - |
| મેથી | ૫૧૧ | ૫૬૩ |
| ગવાર | ૧૭૫૬ | ૧૯૦૦ |

| મહેસાણા | | |
|---|---|---|
| જવ | ૨૬૦ | - |
| ઘઉં | ૨૯૬ | ૪૧૧ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૨૬૦ |
| રાયડો | ૫૬૦ | ૬૪૦ |
| મેથી | ૪૬૭ | ૧૨૨૫ |
| સવા | ૬૧૮ | ૬૫૦ |
| વરીયાળી | ૭૦૧ | ૧૦૨૦ |
| બાજરી | ૨૩૦ | ૩૧૧ |
| એરંડા | ૬૬૩ | ૬૭૫ |
| અજમો | ૬૦૦ | ૧૩૨૫ |
| ગવાર | ૧૮૭૮ | ૧૮૧૮ |

| અંબાલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૫ |
| રાયડો | ૫૯૪ | ૬૦૪ |
| એરંડા | ૬૬૭ | ૬૭૧ |
| ગવાર | ૧૭૫૦ | ૧૭૮૫ |

| જોટાણ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૪ | ૬૬૭ |
| રાયડો | ૫૭૯ | ૬૦૮ |

| હારીજ | | |
|---|---|---|
| મેથી | ૪૮૦ | ૫૨૦ |
| ઈસબગુલ | ૯૫૦ | ૧૨૩૬ |
| રાયડો | ૫૮૦ | ૬૨૯ |
| એરંડા | ૬૬૦ | ૬૭૭ |
| સાસટો | ૩૦૦ | ૩૩૫ |
| બાજરી | ૨૫૦ | ૨૯૬ |
| ઘઉં | ૨૯૭ | ૪૨૧ |
| ગવાર | ૧૭૦૦ | ૧૮૬૧ |
| અડદ | ૫૦૦ | ૬૩૨ |
| ચણા | ૬૧૫ | ૬૩૯ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૪૪ |
| સવા | ૬૦૦ | ૬૩૫ |
| કાલણ | ૫૦૧ | ૫૭૮ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૯ | ૩૭૩ |
| એરંડા | ૬૬૨ | ૬૭૫ |
| બાજરી | ૨૬૫ | ૩૦૭ |
| રાયડો | ૬૦૬ | ૬૨૨ |
| ડાંગર | ૨૯૫ | ૩૭૦ |
| ગવાર | ૧૮૧૦ | ૧૮૪૧ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૪૫ | ૬૬૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૯૦ |
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| મકાઈ | ૨૪૫ | ૨૮૫ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૦ |

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૦ | ૨૪૯૦ |
| વરીયાળી | ૮૫૦ | ૧૩૨૦ |
| રાયડો | ૫૬૫ | ૬૭૮ |
| મેથી | ૪૫૦ | ૫૭૭ |
| સવા | ૫૦૫ | ૭૩૯ |
| એરંડા | ૬૪૭ | ૬૭૬ |
| ઘઉં | ૨૯૪ | ૪૪૦ |
| બાજરી | ૨૮૫ | ૩૧૫ |
| જવ | ૨૮૫ | ૩૦૦ |
| ગવાર | ૧૭૫૦ | ૧૮૧૫ |
| કપાસ | ૬૨૫ | ૯૨૦ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૫ | ૨૮૮૫ |
| વરીયાળી | ૭૦૦ | ૨૩૧૫ |
| ઈસબગુલ | ૧૧૯૬ | ૧૬૫૫ |
| સરસવ | ૫૬૬ | - |
| રાયડો | ૫૯૩ | ૬૫૫ |
| મેથી | ૫૩૦ | - |
| તલ | ૧૮૨૫ | ૨૨૨૫ |